કરતાં કાર્ય જગે સેવાનાં જો કદી થાકી જવાય, કાયા થાકે મન નવ થાકે, જીવતર ઉજળું એવું મનનું બળ તું આપ

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૨૯ |
| અમદાવાદ | ૧૭૧ |
| ગાંધીનગર | ૩૪ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮૧ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૦, ગુરૂવાર; ભાદરવા વદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


## મોદી-જિનપિંગની મુલાકાતની શક્યતા : આજે નિર્ણય

**બેઠક શંઘાઈ સહયોગ સંગઠનમાં યોજાશે : મંત્રી એસ જયશંકર અને તેમના ચીની સમકક્ષ સાથેની બેઠકમાં મોદી-જિનપિંગ વચ્ચેની મુલાકાત પર નિર્ણય લેશે**



નવી દિલ્હી,તા.૯

ભારત અને ચીનની વચ્ચે ચાલી રહેલા ગતિરોધની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગની મુલાકાત થઈ શકે છે. સમાચાર એજન્સી પીઆઈટીના અહેવાલ મુજબ, ગુરુવારે બંને નેતાઓની મુલાકાત પર ચર્ચા થઈ શકે છે. માનવામાં આવી રહ્યું છે કે બંને દેશોની વચ્ચે બેઠક શંઘાઈ સહયોગ સંગઠનમાં થશે. વિદેશ મંત્રી એસ જયશંકરે પણ એસસીઓ બેઠકમાં હિસ્સો લેવા માટે રશિયા પહોંચ્યા. અહીં તેમની મુલાકાત ચીની સમકક્ષ વાંગ યી સાથે થશે. બંને દેશોના વિદેશ મંત્રીઓની વચ્ચેની બેઠકમાં જ નિર્ણય લેવાશે કે વડાપ્રધાન મોદી અને ચીનના રાષ્ટ્રપ્રમુખ જિનપિંગની મુલાકાત થશે કે નહીં. હાલમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે રશિયામાં જ એસસીઓ દરમિયાન પોતાના ચીની સમકક્ષ જનરલ વેઈ ફેંગહી સાથે મોસ્કોમાં મુલાકાત કરી હતી. ચીને રક્ષા મંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરવા માટે રજૂઆત કરી હતી. સૂત્રોએ જણાવ્યું કે, ભારતીય પ્રતિનિધિમંડળે ચીની સેનાના પેન્ગોગ લેકના દક્ષિણ કિનારામાં

● અનુસંધાન પાન-૭ પર

## આજે મારું ઘર તૂટ્યું છે, કાલે તારો ઘમંડ તૂટી જશે : કંગના

**ઉદ્ધવને માફિયા ગણાવી બદલો લીધો હોવાનું લખ્યું : કંગના મુંબઈ પહોંચે તે પહેલાં ગેરકાયદે ઓફિસ તોડી પડાઈ**





મુંબઈ, તા. ૯

અભિનેત્રી કંગના રણૌત મુંબઈ પહોંચે તે પહેલાં શિવસેનાનું શાસન ધરાવતી મુંબઈ મ્યુનિસિપાલિટીના અધિકારીઓએ બુલડોઝરથી તેની ઓફિસ તોડી પાડી છે. બે દિવસ પહેલાં બીએમસીએ ઑફિસની બહાર નોટિસ મારી હતી કે રિનોવેશન ગેરકાયદે છે માટે કામ બંધ કરી દો. એ પછી આજે ઓફિસ તોડી પડાઈ હતી. કંગના આ નોટિસનો જવાબ આપે એ પહેલાં બીએમસી બુલડોઝર લઈને કંગનાની ઑફિસે પહોંચી હતી. કેન્દ્ર સરકારે કંગનાને વાય પ્લસ સુરક્ષા આપી એથી શિવસેના ભડકી હોય એવું લાગી રહ્યું હતું. શિવસેનાના નેતાઓએ કંગના ભાજપની પોપટ હોવાનો આક્ષેપ કર્યો હતો.

કંગના મુંબઈમાં બની રહેલા બનાવોથી સતત વાકેફ રહેતી હોય એમ એણે ટ્વીટ કરી હતી કે બીએમસી મારી ઑફિસ ધરાશાયી કરવા પહોંચી છે. ત્યારબાદ એણે ઉશ્કેરાટ વ્યક્ત કરતાં લખ્યું હતું, બાબર, યાદ રાખજે અહીં (મારી ઑફિસમાં) ફરી રામ મંદિર બનશે. એણે પોતાની ઑફિસ તોડાઈ રહી હોય એવા ફોટોગ્રાફસ પણ ટ્વીટર પર મૂક્યા હતા અને ડેથ ઑફ ડેમોક્રસી જેવા શબ્દો લખ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ઓક્સફર્ડ વેક્સિનનું ટ્રાયલ રોકવામાં આવ્યું

**કોરોના વાયરસની વિરુદ્ધ ચાલી રહેલી લડાઈને એક મોટો આંચકો : બ્રિટનમાં એક વ્યક્તિને ઓક્સફર્ડની કોરોના વાયરસની રસી આપવામાં આવી હતી અને તેના શરીરમાં ગંભીર આડઅસર જોવા મળતા ટ્રાયલ અટકાવાયું**

લંડન, તા.૯

કોરોના વાયરસ રોગચાળા સામે લડવાના પ્રયાસોને મોટો ઝટકો લાગ્યો છે. એઝેડડી૧૨૨૨ના ત્રીજા અને અંતિમ તબક્કાના અજમાયશમાં કોરોના વાયરસના નાબૂદી માટે ખૂબ અપેક્ષિત ઓક્સફર્ડ રસી બંધ કરી દેવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બ્રિટનમાં એક વ્યક્તિને ઓક્સફર્ડની કોરોના વાયરસની રસી આપવામાં આવી હતી અને તેના શરીરમાં ગંભીર આડઅસર જોવા મળી હતી. આ પછી કોરોના રસીનો ત્રીજો તબક્કો ટ્રાયલ બંધ કરવામાં આવ્યો છે. બ્રિટનની ઓક્સફર્ડ યુનિવર્સિટીની આ રસી અને બ્રિટીશ-સ્વીડિશ કંપની એસ્ટ્રેજેનિકા આખી દુનિયા માટે આશાની કિરણ બની ગઈ હતી અને ભારતમાં પણ આ રસીની ટ્રાયલ શરૂ થઈ હતી. આ રસી બ્રિટનમાં ત્રીજા તબક્કાના અજમાયશ દરમિયાન વ્યક્તિને લાગુ કરવામાં આવી હતી પરંતુ તેની ગંભીર આડઅસર જોવા મળી છે. ગંભીર આડઅસરનો અર્થ એ છે કે રસી અથવા દવા આપવામાં આવે પછી દર્દીને હોસ્પિટલમાં લઈ જવું પડે છે, અને આ જીવલેણ અથવા ખૂબ જીવલેણ આડઅસર છે. દર્દીમાં કઈ આડઅસર જોવા મળી છે તે હજી સ્પષ્ટ નથી થયું, પરંતુ આ આખા મામલા સાથે સંકળાયેલ વ્યક્તિએ કહ્યું કે દર્દીની જલ્દી સ્વસ્થ થવાની અપેક્ષા છે. અજમાયશ દરમિયાન રસી રોકે

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-ચીનના બ્રિગેડિયર્સની વચ્ચે હોટલાઈન પર વાતચીત

**ભારત અને ચીનની વચ્ચે ગતિરોધ ચાલુ : ભારતીય બ્રિગેડિયરે કહ્યું કે ચીને અસ્થાયી રીતે પથ્થરોનો સુરક્ષા ઘેરો બનાવી લીધો તેનાથી સરહદ પર તણાવ વધશે**

નવી દિલ્હી,તા.૯

લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ભારત અને ચીનની વચ્ચે ગતિરોધ ચાલુ છે. ફરી એકવાર બંને દેશોના સૈનિકો સામસામે આવી ગયા હતા. જોકે, બંને દેશોની વચ્ચે સૈન્ય સ્તર પર વાતચીત પણ થઈ રહી છે. ભારત અને ચીનના સૈન્ય અધિકારીઓએ હૉટલાઈન પર એક બીજા સાથે વાત કરી, પરંતુ બંનેની વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ ગઈ. હૉટલાઈન પર વાતચીત દરમિયાન ભારતીય બ્રિગેડિયરે કહ્યું કે ચીને અસ્થાયી રીતે પથ્થરોનો સુરક્ષા ઘેરો બનાવી લીધો છે અને તેનાથી સરહદ પર તણાવ વધશે. લદાખમાં મુખપરી પીક પર ચીની સૈનિકોના પહોંચવાના પ્રયાસને લઈને પણ બંને દેશોના સૈન્ય અધિકારીઓ વચ્ચે વાતચીત થઈ. હાલ આ ચોટી પર ભારતીય સેનાનો કબજો છે. ચીનના બ્રિગેડિયરે મંગળવારે સામે આવેલી ચીની સૈનિકોની તસવીરો પર કહ્યું કે, આ તેમનો માર્શલ કલ્ચર છે અને ભારતીય સૈનિકોએ પ્રોટોકોલનું ઉલ્લંઘન કર્યું છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ લદાખમાં રેજાંગ-લા રિજલાઈનના મુખપરી ક્ષેત્ર સ્થિત એક ભારતીય ચોકી તરફ સોમવાર સાંજે આક્રમક રીતે આગળ વધવાનો પ્રયાસ કરનારી ચીની સૈનિકોએ ભાલા, સળીયા વગેરે હથિયારો રાખ્યા હતા. આ વાત સરકારી સૂત્રોએ મંગળવારે કહી. એલએસી પર તણાવ વધવાની વચ્ચે સૂત્રોએ કહ્યું કે ચીનની પીપલ્સ લિબરેશન પાર્ટી ના લગભગ ૫૦-૬૦ સૈનિક સાંજે ૬ વાગ્યાની આસપાસ પેન્ગોગ લેક ક્ષેત્રના દક્ષિણ કિનારા સ્થિત ભારતીય ચોકી તરફ વધ્યા પરંતુ ત્યાં તૈનાત ભારતીય સેનાના જવાનોએ દઢતાથી તેમનો સામનો કર્યો, જેનાથી તેમને પાછળ હટવા માટે મજબૂર થવું પડ્યું. નોંધનીય છે કે, જાહેર કરેલી એક તસવીરમાં ચીની સૈનિકો ભાલા અને બંદૂકો સાથે જોવા મળ્યા.

## ડોનાલ્ડ ટ્રમ્પને નોબલ શાંતિ એવોર્ડ માટે નોમિનેટ કરાયા

**યુએઈ-ઈઝરાયેલ વચ્ચેની સંધિ બદલ સરપાવ : ટ્રમ્પની મધ્યસ્થતા પછી જ ઇઝરાયલ-યુએઇએ શાંતિ સંધિ પર સહી કરી અને ૭૨ વર્ષના સંઘર્ષનો અંત આવ્યો હતો**

વોશિંગ્ટન, તા. ૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નોબલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરવામાં આવ્યા છે. નોર્વેના સાંસદે ટ્રમ્પને ઈઝરાયલ અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે ઐતિહાસિક શાંતિ સંધિ કરાવવા માટે નોમિનેટ કર્યા છે. ટ્રમ્પની મધ્યસ્થતા પછી જ ઈઝરાયલ અને યુએઈએ શાંતિ સંધિ પર સહી કરી હતી અને ૭૨ વર્ષના સંઘર્ષનો અંત આવ્યો હતો.

ઈઝરાયલ અને સંયુક્ત આરબ અમીરાતે ૧૩ ઓગષ્ટે જાહેરાત કરી હતી કે, તેઓ અમેરિકાની મધ્યસ્થતાથી થયેલી સંધિ હેઠળ પૂર્ણ કૂટનૈતિક સંબંધો વિકસાવી રહ્યા છે. ગત મહિને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ, અબુધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન જાયદ અને ડોનાલ્ડ ટ્રમ્પની વચ્ચે થયેલી થયેલી ટેલિફોનિક ચર્ચા પછી આ સંધિને મંજૂરી મળી હતી. જે પછી અમેરિકાએ આ સંધિને મધ્ય પૂર્વ ક્ષેત્રમાં શાંતિનો સંદેશ ગણાવી હતી. શાંતિ સંધિ હેઠળ ઈઝરાયલે પશ્ચિમ તટના કેટલાક ભાગોને પોતાના અધિકારમાં લેવાની યોજના પર રોક લગાવવી પડી હતી. ઈઝરાયલ અને યુએઈ વચ્ચે રોકાણ, પર્યટન, વિમાન સેવા, સુરક્ષા, દૂરસંચાર અને અન્ય મુદ્દાઓ પર દ્વિપક્ષીય સંધિ કરવાનો નિર્ણય લેવાયો હતો. બંને વચ્ચે પહેલા વેપારી વિમાને પણ ઉડાન ભરી હતી.





